# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 20-09-2026 EVENING: 7.10 TO 7.20**
**DAY : SUNDAY REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બાંધકામના કામો વધુ ઝડપી બને તે માટે ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા માટે વિવિધ કક્ષાએ મહત્તમ સમયમર્યાદા નક્કી કરી.

2) રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહને ઐતિહાસિક અવસર ગણાવ્યો - 667 વિધ્યાર્થીઓને પદવી એનાયત.

3) અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળો - 2026 નો ભવ્ય પ્રારંભ.

4) રાજ્યના 45 તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો.

5) મહિલા ક્રિકેટમાં, જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સ 2026ની બીજી સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને હરાવીને ફાઈનલમાં પહોંચ્યું.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM TENDER APPROVAL PROCESS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ અને બાંધકામના કામો વધુ ઝડપી બને અને વહીવટી પ્રક્રિયામાં બિનજરૂરી વિલંબ ન થાય તે માટે ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા માટે વિવિધ કક્ષાએ મહત્તમ સમયમર્યાદા નક્કી કરતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

પ્રવર્તમાન વ્યવસ્થામાં ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે 120 દિવસનો સમયગાળો હતો. તે હવે વધુમાં વધુ 51 દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

કામમાં ઇજારદારોની પુર્વ પાત્રતાની જોગવાઈ ધરાવતા ટેન્ડરો માટે તમામ સ્તરે ચકાસણી સાથેની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ 66 દિવસમાં પૂર્ણ કરવાની રહેશે

ટેન્ડરની વેલિડિટીનો પ્રવર્તમાન 120 દિવસનો સમયગાળો ઘટાડીને 90 દિવસ કરવામાં આવ્યો છે વિલંબની સંપૂર્ણ જવાબદારી જે-તે રજૂ કરનાર કક્ષાની રહેશે તેમ પણ નક્કી કરવાં આવ્યું છે.

મુખ્યમંત્રીએ કરેલા આ નિર્ણયોના પરિણામે રાજ્યમાં રસ્તા, પુલ અને સરકારી મકાનો સહિતના પાયાના માળખાકીય વિકાસ કામોની મંજૂરી પ્રક્રિયા ત્વરિત અને વધુ પારદર્શક બનશે.

# CM- NARMADA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના વાવડી ગામે 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વાવડી ગામે વૃક્ષારોપણ અર્થે પહોંચેલા મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને મળીને તેમની સાથે સંવાદ કર્યો હતો. 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# BIRSAMUNDA DIKSHNAT SAMAROH

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહને ઐતિહાસિક અવસર ગણાવ્યો છે. આજે રાજપીપળા ખાતે યોજાયેલા દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલે જણાવ્યું હતું કે દીક્ષાંત સમારોહ વિદ્યાર્થી જીવનની મહત્વપૂર્ણ યાત્રા બાદ જીવનના નવા અધ્યાયના પ્રારંભનો અવસર છે અને પદવી સાથે વિદ્યાર્થીઓને જવાબદારી પણ પ્રાપ્ત થાય છે.

(બાઈટ - રાજ્યપાલ આચાર્ય દેવવ્રત)

*("यूनिवर्सिटी तो सुंदर है ही, लेकिन ग्राउंड उससे भी सुंदर आपने बनाए हैं। अब इन ग्राउंड में यह हरी-हरी घास नहीं दिखनी चाहिए। ये आपके खेलने से, आपके पग की दौड़ से यहां पर बहुत अच्छे खिलाड़ी, गोल्ड मेडलिस्ट अब ओलंपिक होने जा रहे हैं, दूसरे कॉमनवेल्थ होने जा रहे हैं, और गुजरात की धरती पे होने जा रहे हैं। इसके लिए इस यूनिवर्सिटी के ग्राउंड का बहुत बड़ा योगदान देश के लिए होना चाहिए।")*

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે આ માત્ર પ્રથમ પદવીદાન સમારોહ નથી પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીના દ્રષ્ટિકોણથી થયેલા 'ટ્રાયબલ યુથ ટ્રાન્સફોર્મેશન'નું પ્રથમ સેલિબ્રેશન છે.

(બાઈટ – મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ)

*("આજે અહીં ૬૬૭ વિધાર્થીઓ, પ્રથમ બેચ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.એસ.ડબલ્યુ. જેવી ડિગ્રીઓ સાથે સમાજમાં પદાર્પણ કરવાની છે. આજથી ૨૫ વર્ષ પહેલાં આ વિસ્તારમાં ગ્રેજ્યુએશન માટે એક જ કોલેજ હતી, જો કોઈને ઉચ્ચ શિક્ષણ લેવું હોય તો સુરત, વડોદરા કે મહાનગરમાં જવું પડતું. હવે એવું પરિવર્તન થઈ ગયું છે કે આદિવાસી યુવાનોને ઘર આંગણે અદ્યતન શિક્ષણ મળતું થયું છે.")*

સમારોહ દરમિયાન કુલ 47 વિદ્યાર્થીઓને સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક અને 667 વિધ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. પદવી પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# AMBAJI MELO

અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળો -૨૦૨૬નો આજે ભવ્ય પ્રારંભ થયો છે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી કમલેશભાઈ પટેલે માં અંબાના દિવ્ય રથનું પૂજન-અર્ચન કરી મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મા અંબાના દિવ્ય રથ પર ડ્રોન દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. પ્રભારી મંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમનો મેળો ભક્તિ, સેવા અને સામાજિક સમરસતાનો મહાકુંભ છે. જ્યારે બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, માઈભક્તોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ

(બાઈટ – સવજી ચૌધરી )

( શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી અને જિલ્લા કલેકટર )

*"ચાલીને આવતા પગપાળા યાત્રીઓ માટે, માઈ ભક્તો માટે અંબાજીમાં ચાર જેટલા નિશુલ્ક ભોજન કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આઠ જેટલા આધુનિક વિશ્રામની વ્યવસ્થા પણ માઈ ભક્તો માટે કરવામાં આવી છે. ૪૦ કરતાં વધારે પાર્કિંગ સ્થળો પણ આઇડેન્ટિફાય કરી જે ભક્તો ગાડીથી આવે છે તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે."*

# ST BUSES AT AMBAJI MELA

અંબાજી ખાતે ભાદરવી મેળાને ધ્યાનમાં રાખીને મહેસાણા એસટી ડિવિઝન દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષ માઇભક્તો માટે વધારાની બસો દોડાવાશે. મહેસાણા વિભાગ દ્વારા 210 બસોની ફાળવણી કરાઈ છે. 210 બસો દ્વારા 669 ટ્રીપ થકી 3 કરોડ રૂપિયાથી વધુ આવક થવાનો અંદાજ છે.

સાબરકાંઠાની આરોગ્ય શાખા અને જિલ્લા પંચાયત દ્વારા ભાદરવી પૂનમને અનુલક્ષીને અંબાજી તરફ પદયાત્રા કરતા શ્રદ્ધાળુઓની આરોગ્ય સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને વ્યાપક આરોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

# Gujarat- TAT SECONDARY

રાજ્યમાં આજે 75 હજાર ઉમેદવારોની ટાટ SECONDARYની પરીક્ષા યોજાઇ. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની શિક્ષક અભિરુચિ કસોટી - ટાટ SECONDARYની મુખ્ય પરીક્ષા અમદાવાદ સહિતના મુખ્ય શહેરોમાં યોજાઈ.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# JITU VAGHANI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ કહ્યું કે સેવા સંકલ્પ અભિયાન થકી લોકોના સુખાકારી અને જનકલ્યાણ માટેનો એક સનિષ્ટ પ્રયાસ છે.

# HAWAMAN VARSASD

રાજ્યમાં ફરી એકવાર વરસાદી માહોલ સક્રિય થયો છે. રાજ્યના 45 તાલુકાઓમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે જેમાં ભાવનગરના મહુવા તાલુકામાં સૌથી વધુ 1.85 ઈંચ અને અમરેલી જિલ્લાના કુંનકાવાવ વાડિયામાં 1.43 ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં હાલ લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ સક્રિય થવાને કારણે વાતાવરણમાં પલટો આવ્યો છે. આ સિસ્ટમના પ્રભાવ હેઠળ આગામી સમયમાં રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદી માહોલ જોવા મળશે, જેનાથી લોકોને ઉકળાટ અને ગરમીથી રાહત મળવાની શક્યતા છે.

આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની સંભાવના છે. તો ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ હળવા વરસાદી ઝાપટાં વરસી શકે છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ પંથકમાં હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# GIR SOMNATH- SEVA SANKALP ABHIYAN

ગીર સોમનાથમાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વેરાવળ બસ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન હાથ ધરાયું.

વેરાવળ બસ સ્ટેશન ખાતે ડેપોના મિકેનિક સ્ટાફ દ્વારા વર્કશોપ ખાતે તમામ બસોમાંની અંદર અને બહાર સફાઈ કરવામાં આવી હતી. આ સાથે 'પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન' અંતર્ગત 'કાપડની થેલી'ઓનું વિતરણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશો અપાયો હતો.

મહેસાણાના કડી તાલુકાના ચાદરડા ગામ ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ‘સ્વચ્છતા હી સેવા’ અને પર્યાવરણ જાગૃતિ તેમજ વનીકરણ અંગે સંદેશો અપાયો. કાર્યક્રમમાં સાંસદ હરિભાઈ પટેલ જોડાયા હતા.

# ASIAN GAMES-CRICKET

મહિલા ક્રિકેટમાં, જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સ 2026ની બીજી સેમિફાઇનલમાં ભારતે બાંગ્લાદેશને 114 રને હરાવી ફાઈનલમાં પ્રવેશ્યું. આ સાથે, ભારત એશિયન ગેમ્સ 2026ના સુવર્ણ ચંદ્રકથી માત્ર એક જીત દૂર છે.

બીજી બાજુ, ઓપનિંગ બેટ્સમેન સ્મૃતિ મંધાના મહિલા T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગઈ છે, શેફાલી વર્માએ પણ પોતાની પહેલી આંતરરાષ્ટ્રીય સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે અને એશિયન ગેમ્સમાં સદી ફટકારનાર પ્રથમ મહિલા ખેલાડી બની ગઈ છે.

ભારતનો આગામી મુકાબલો મંગળવારે સુવર્ણ ચંદ્રક માટે શ્રીલંકા સામે થશે.

# DAMAN- NASHA MUKT YUVA

દમણમાં યુવાનોને નશા અને માદક પદાર્થોના દુષ્પ્રભાવોથી જાગૃત કરવા માટે માય ભારત દ્વારા 'નશા મુક્ત યુવા – 100 સપ્તાહ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

દમણના કોળી સમાજ હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં 200થી વધુ યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.